### કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી: અધિકારીઓએ સાત દિવસમાં માટી હટાવવાની ખાતરી આપી

# વિશ્વામિત્રી નદીના કિનારે વરસાદી ચેનલના કામમાં ખડકાયા માટીના ઢગલા

**કરોડોના** ખર્ચે પહોળી કરાયેલી નદી ફરી સાંકડી બનવાની ભીતિથી સ્થાનિકોમાં રોષ



(પ્રતિનિધિ) વડોદરા, 30

વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી અને ચોમાસા દરમિયાન પૂરની સ્થિતિ માટે અત્યંત સંવેદનશીલ ગણાતી વિશ્વામિત્રી નદીના કિનારે કોન્ટ્રાક્ટરની મોટી બેદરકારી સપાટી પર આવી છે. શહેરના નરહરી બ્રિજ નજીક હાલમાં વરસાદી ચેનલના નિર્માણનું કામ ચાલી રહ્યું છે. આ કામગીરી દરમિયાન ખોદકામમાંથી નીકળેલી તમામ માટી અન્ય સુરક્ષિત સ્થળે ખસેડવાને બદલે કોન્ટ્રાક્ટર દ્વારા સીધી વિશ્વામિત્રી નદીના કિનારે જ ખડકી દેવામાં આવતા મોટો વિવાદ સર્જાયો છે. સ્થાનિકો અને પર્યાવરણ પ્રેમીઓ દ્વારા એવો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે કે નદીના કિનારે મોટા પાયે માટીના ઢગલા કરી દેવાને કારણે હવે અન્ય લોકો પણ ત્યાં આવીને કચરો ઠાલવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચોમાસામાં પૂરની તીવ્રતા ઘટાડવા માટે વહીવટી તંત્ર દ્વારા કરોડો રૂપિયાના અંધાધૂંધ ખર્ચે નદીને પહોળી કરવાની અને ચેનલાઈઝેશનની કામગીરી કરવામાં આવી હતી. પરંતુ કોન્ટ્રાક્ટરની આ પ્રકારની આડોડાઈ અને બેદરકારીભર્યા વલણને કારણે કરોડોના ખર્ચે પહોળી કરાયેલી આ કુદરતી નદી ફરીથી સાંકડી બની જવાની અને આગામી ચોમાસામાં પૂરનું સંકટ વધવાની ભીતિ સેવાઈ રહી છે.

આ વિવાદ અને લોકોના આક્રોશને પગલે સરકારી તંત્રના ઉચ્ચ અધિકારીઓ તાકીદે એક્શનમાં આવ્યા છે. વહીવટી તંત્રના અધિકારીએ આ મામલે ખુલાસો કરતા જણાવ્યું હતું કે, હાલમાં જે માટી દેખાઈ રહી છે તેને નદીની અંદર ડમ્પ કરવામાં આવી નથી, પરંતુ માત્ર નદીના કિનારે જ નાખવામાં આવી છે. આ માટી ત્યાં કામ કરી રહેલા પોકલેન મશીનની અવરજવર માટે કામચલાઉ ધોરણે રસ્તો બનાવવાના હેતુથી રાખવામાં આવી છે.

# પુરુષોત્તમ માસમાં વ્રજધામ ખાતે ભવ્ય ‘આમ્રકુંજ મનોરથ’

**પૂ.પા. ગો. 108** શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રી દ્વારા બ્રહ્મસંબંધ દીક્ષા અર્પણ કરાશે

**કેરીઓની** કલાત્મક સજાવટ અને હજારો કેરીઓના ભોગ સાથે શ્રીપ્રભુને શીતલતા અર્પણ કરાશે

(પ્રતિનિધિ) વડોદરા, 30

પવિત્ર પુરુષોત્તમ માસ (અધિક માસ) નિમિત્તે માંજલપુર સ્થિત વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે વિવિધ ધાર્મિક અને ભક્તિમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વ્રજધામના સર્વાધ્યક્ષ વૈષ્ણવાચાર્ય પૂ.પા. ગોસ્વામી 108 શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીના મનોરથ સ્વરૂપે તા. 31 મે, રવિવારના રોજ વિશેષ ‘આમ્રકુંજ મનોરથ’ યોજાશે.

આ પ્રસંગે સવારે 8 વાગ્યે પૂજ્યશ્રીના હસ્તે અનેક વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દીક્ષા અર્પણ કરવામાં આવશે. પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ દીક્ષાને વિશેષ આધ્યાત્મિક મહત્વ પ્રાપ્ત છે અને પુરુષોત્તમ માસ દરમિયાન તેનું ફળ વિશેષ માનવામાં આવે છે.

સાંજે 7 વાગ્યે યોજાનારા આમ્રકુંજ મનોરથમાં કલાત્મક કુંજોની રચના કરી સુંદર કેરીઓથી શણગાર કરવામાં આવશે. ઉષ્ણકાળમાં શ્રીપ્રભુને શીતળતા અર્પણ કરવાના ભાવ સાથે હજારો કેરીઓનો ભોગ ધરાવવામાં આવશે. શ્રીપ્રભુના આ વિશિષ્ટ દર્શન માટે મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

વ્રજધામ ખાતે તા. 17 મેથી 15 જૂન સુધી સમગ્ર અધિક માસ દરમિયાન વિવિધ મનોરથોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરે ભક્તોને શ્રીપ્રભુના દિવ્ય દર્શન સાથે પૂજ્યશ્રીના આશીર્વાદ અને સાનિધ્યનો લાભ પણ પ્રાપ્ત થશે.

# પાદરાના ફાયરિંગ-લૂંટનો 12 વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા ગ્રામ્ય પોલીસની એસઓજી ટીમે 12 વર્ષથી ફરાર અને લૂંટ-ફાયરિંગના ગંભીર ગુનામાં વોન્ટેડ આરોપી વિવેક દફ્ફદારસિંગ રાઠોરને હરિયાણામાંથી ઝડપી પાડ્યો છે. વર્ષ 2014માં પાદરાની સોનીની દુકાનમાં રિવોલ્વરથી ફાયરિંગ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી રૂ. 8.80 લાખની લૂંટ ચલાવવાના ગુનામાં તે ફરાર હતો.

‘ઓપરેશન પરાક્રમ’ અંતર્ગત એસઓજી દ્વારા ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આરોપી હરિયાણામાં છુપાયો હોવાની બાતમી મળતા તેને ઝડપી લેવામાં આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે વિવેક રાઠોર આણંદ જિલ્લાના આંકલાવ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા લૂંટના ગુનામાં પણ વોન્ટેડ છે. ઉપરાંત ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં પણ તેની સામે વિવિધ ગુનાઓ નોંધાયેલા છે. કાયદેસરની કાર્યવાહી બાદ આરોપીને પાદરા પોલીસને સોંપવામાં આવ્યો છે.

# 1 એપ્રિલ 2005 પહેલાની સેવા પેન્શન-રજા માટે ગણાશે

**HTAT** શિક્ષકો માટે નિર્ણય, સીધી ભરતી પહેલાંની સેવા સળંગ ગણાશે OPSનો લાભ પણ મળશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ અને એચટેટ સંવર્ગની વર્ષો જૂની માંગ આખરે સંતોષાઈ છે. શિક્ષણ વિભાગે સત્તાવાર પત્ર બહાર પાડી સ્પષ્ટતા કરી કે 1 એપ્રિલ 2005 પહેલાં સરકારી કે અનુદાનિત શાળાઓમાં સેવા આપીને બાદમાં સીધી ભરતીથી એચટેટ મુખ્ય શિક્ષક બનેલા શિક્ષકોની અગાઉની સેવા પેન્શન અને રજાના હેતુસર સળંગ ગણાશે.

1 એપ્રિલ 2005 અગાઉ સરકારી પ્રાથમિક, અનુદાનિત પ્રાથમિક, આશ્રમ શાળા, માધ્યમિક શાળા, માધ્યમિક અનુદાનિત તેમજ સરકારી પ્રાથમિક શિક્ષક તરીકેની સેવા હવે એચટેટ મુખ્ય શિક્ષકની સેવા સાથે જોડાશે. સીધી ભરતીથી એચટેટ બનેલા શિક્ષક મિત્રો માટે ઓપીએસનો લાભ મળવાનો માર્ગ મોકળો થયો. 1-04-2005 પછીના કેસમાં આ તારીખ બાદ સીધી ભરતીથી એચટેટ બનેલા શિક્ષકોની સેવા સળંગ ગણવા બાબતે પણ મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરાઈ છે. રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘે રાજ્યકક્ષાએ અનેક વખત રજૂઆતો કરી હતી. સંગઠનના મક્કમ ફોલોઅપ અને ઉચ્ચ કક્ષાએ રૂબરૂ મુલાકાતોના પરિણામે આ ઐતિહાસિક નિર્ણય આવ્યો છે.

સંઘે જણાવ્યું કે, આ નિર્ણય હજારો મુખ્ય શિક્ષકોના ભવિષ્ય સાથે જોડાયેલો હતો. સંગઠનની એકતા અને સતત સંઘર્ષના કારણે શિક્ષક સમાજને ન્યાય મળ્યો છે. આ માત્ર પ્રશાસનિક નિર્ણય નથી, એચટેટ સંવર્ગના હક્કોની જીત છે.નિર્ણયથી સમગ્ર એચટેટ પરિવારમાં આનંદની લાગણી પ્રસરી છે. મહાસંઘે જણાવ્યું કે આનાથી શિક્ષકોની નિવૃત્તિ બાદના લાભો સુરક્ષિત થશે અને નવી ભરતીમાં પણ સકારાત્મક અસર પડશે.

# વડોદરામાં શ્યામવલ્લભદાસજી સ્વામીની તેજાંજલિ સભાનું આયોજન

**31 મેના** રોજ સાંજે વાઘોડિયા રોડ ખાતે હરિભક્તો શ્રદ્ધાંજલિ અર્પણ કરશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરાના હરિભક્તો અને સત્સંગપ્રેમીઓ દ્વારા અક્ષરપુરુષોત્તમ સંપ્રદાયના પૂજ્ય શ્યામવલ્લભદાસજી સ્વામીની સ્મૃતિમાં તેજાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આવતીકાલે રવિવાર, તા. 31 મેના રોજ સાંજે 4થી 8 વાગ્યા દરમિયાન વાઘોડિયા રોડ સ્થિત નારાયણ ફાર્મ ખાતે યોજાશે.

આ આયોજન વડોદરા સત્સંગ સમાજ તથા પૂજ્ય શુકવલ્લભદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમિયાન સંતજીના આધ્યાત્મિક જીવન, ભજન-સત્સંગ પ્રત્યેના સમર્પણ, સેવાકાર્ય અને ધાર્મિક યોગદાનને યાદ કરવામાં આવશે. હરિભક્તો દ્વારા ભજન, સ્મૃતિપ્રવચન અને શ્રદ્ધાંજલિ અર્પણ



કરવામાં આવશે.

આયોજકોના જણાવ્યા અનુસાર, સંતજીના આશીર્વાદ અને જીવનમૂલ્યોને નવી પેઢી સુધી પહોંચાડવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મોટી સંખ્યામાં હરિભક્તો અને સત્સંગીઓ ઉપસ્થિત રહી સંતશ્રીને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરે તેવી અપીલ કરવામાં આવી છે.

કાર્યક્રમ માટે વિશેષ વ્યવસ્થાઓ પણ કરવામાં આવી હોવાનું આયોજકોએ જણાવ્યું છે.

# ડૉ.હેડગેવાર સમિતિ દ્વારા મફત કોચિંગ શરૂ




(પ્રતિનિધિ) વડોદરા, 30

આજના સમયમાં સિવિલ સર્વિસ (UPSC) અને રાજ્ય સેવા (GPSC) જેવી પ્રતિષ્ઠિત પરીક્ષાઓ પાસ કરીને સરકારી અધિકારી બનવાનું સપનું ગુજરાતના લાખો યુવાનો જોતા હોય છે. પરંતુ પ્રાઈવેટ કોચિંગ ક્લાસીસની આભને આંબતી મોંઘીદાટ ફીના કારણે સામાન્ય અને ગરીબ પરિવારના તેજસ્વી વિદ્યાર્થીઓ માત્ર આર્થિક તંગીના કારણે પાછળ રહી જાય છે. આવા જ આર્થિક રીતે નબળા પણ ભણવામાં હોશિયાર વિદ્યાર્થીઓ માટે વડોદરાનું 'સંકલ્પ ગુરુકુલમ' આશાનું કિરણ બનીને ઉભર્યું છે. સંસ્થા દ્વારા આગામી વર્ષ 2026-27 ની નવી બેચ માટે આજરોજ 30 મેથી એડમિશન પ્રક્રિયાનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. તેમ સંકલ્પ ગુરુકુલમના માર્ગદર્શક પ્રદીપ અગ્રવાલે મીડિયાને પ્રત્યેક માહિતી આપતા જણાવ્યું હતું.

# જૂની અદાવતમાં ખાનગી યુનિ.ના ત્રણ વિદ્યાર્થીનો યુવક પર હુમલો

**મિત્રોને** છોડાવવા વચ્ચે પડતા એક વિદ્યાર્થીએ પાછળથી આવી કાન પર બચકું ભર્યુ

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વાઘોડિયા રોડ પર જૂની અદાવતને લઈને એક યુવક પર હુમલો કરી તેના કાન પર બચકું ભરવાના આવ્યુ હતુ. આ મામલે યુવકે ત્રણ યુવકો સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

વાઘોડિયા રોડ પર વૈકુંઠ ચાર રસ્તા નજીક આવેલી સોસાયટીમાં રહેતા દિપક હસમુખભાઈ વસાવા જે કેટરિંગનું કામ કરે છે તેણે નોંધાવેલી ફરિયાદ મુજબ ગત 27 મેની મધરાતે પોતાના મિત્ર પ્રેમ કહારને મળવા ગયા બાદ બંને નાસ્તો કરવા બરોડા ડેરી સર્કલ વિસ્તારમાં ગયા હતા. નાસ્તો કર્યા પછી પરત ફરી રહ્યા હતા. ત્યારે પરીવાર ચાર રસ્તા પાસે આવેલા શ્રી ગજાનંદ ડિલક્સ પાનના ગલ્લા પાસે તેઓ પાણી પીવા માટે રોકાયા હતા. દરમિયાન તેમના મિત્રો પાર્થ ઉર્ફે હેરી કહાર અને નિવીદ કેટલાક યુવકો સાથે બોલાચાલી અને ઝઘડો કરતા હોવાનું જોવા મળ્યું હતું. દિપક ઝઘડો શાંત કરાવવા વચ્ચે પડતા ત્રણ યુવકો તેમની સાથે પણ ઉગ્ર ઝઘડો કરવા લાગ્યા હતા અને ઝપાઝપી શરૂ કરી હતી. આ દરમિયાન ધ્રુવ ગજેરા નામનો યુવક પાછળથી આવી દિપકના ડાબા કાન પર બચકું ભરી લીધુ હતુ.

ઈજા થતાં મિત્રોની મદદથી દિપકને સારવાર માટે એસએસજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો સારવાર દરમિયાન મિત્રોએ તેમને જણાવ્યું હતું કે એક દિવસ અગાઉ પાનના ગલ્લા પાસે પેટ્રોલ કાઢવાની બાબતે થયેલા ઝઘડાની અદાવત રાખી દિપક શર્મા, ધ્રુવ ગજેરા અને કાર્તિક સિંધ ફરી ઝઘડો કરવા આવ્યા હતા. ત્રણેય આરોપીઓ પારૂલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હોવાનું પણ જાણવા મળ્યું હતું. ફરિયાદના આધારે પોલીસે દિપક શર્મા, ધ્રુવ ગજેરા અને કાર્તિક સિંધ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# તરસાલી આઈટીઆઈમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

વડોદરાઃ ઔદ્યોગિક તાલીમ સંસ્થા,તરસાલી-વડોદરા ખાતે પ્રવેશ પ્રક્રિયા-૨૦૨૬ અંતર્ગત જુદા-જુદા ટ્રેડ માટે પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે. પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ પ્રવેશ મેળવવા માટે જરૂરી દસ્તાવેજો સાથે સંસ્થાના માહિતી કેન્દ્રનો સંપર્ક કરવો.


વડોદરા મહાનગરપાલિકા
પાર્કસ એન્ડ ગાર્ડન શાખા
www.vmc.gov.in
જાહેર નિવિદા

વડોદરા મહાનગરપાલિકા હસ્તકના પાર્કસ એન્ડ ગાર્ડન શાખાની કચેરી હાલમાં ગેટ નં.-૪, સયાજીબાગ, બાલભવન પાસે, વડોદરા કાર્યરત છે. જે તા.૦૧-૦૬-૨૦૨૬ સોમવાર થી નવીન સ્થળે: સફેદ બંગલો, સયાજીબાગ, વડોદરા ખાતે કાર્યરત થશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતિ છે.

પી.આર.ઓ.નં.૧૨૮/૨૬-૨૭ ડાયરેક્ટર (પાર્કસ એન્ડ ગાર્ડન)



દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
CINU40102GJ2003SGC042909
રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા
ફોન નં.:૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઈ-મેઇલ: eeraj.dgvcl@gebmail.com
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર* ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી મોટા રાયપુરા | તમામ ફીડર | રાજપીપાલા-૧ | ૭૫૬૭૭૮૦૩૭૪ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨ | ૬૬ કેવી નામલપુર | ૧૧ કેવી મહીજીપુરા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩ | ૬૬ કેવી નામલપુર | ૧૧ કેવી કાસોટીયા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪ | ૬૬ કેવી નામલપુર | ૧૧ કેવી ઝાઝપુરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ડાબકા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી પાટલામહુ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૭ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી દાભવણ જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૧.૦૬.૨૦૨૬(સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૮ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી બેડવાણ એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૯ | ૬૬ કેવી પોમલાપાડા | ૧૧ કેવી અલમાવાડી જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૧.૦૬.૨૦૨૬(સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૦ | ૬૬ કેવી પોમલાપાડા | ૧૧ કેવી ખર્ચીપાડા એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૧ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી લાછરસ એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૨ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી દેવમોગરા જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૩ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ગોળદા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૪ | ૬૬ કેવી રાજપારડી | ૧૧ કેવી સંજાલી જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૫ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી ચિકદા જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૬ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી ગોપાલિયા એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૭ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી રાજપીપળા ટાઉન | રાજપીપાલા-૧ | ૭૫૬૭૭૮૦૩૭૪ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૮ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી ખટમ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૯ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી ગઢ એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૦ | ૬૬ કેવી અણીજરા | ૧૧ કેવી ભદામ એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૧ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી કેસરપુરા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૨ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી નલિયા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૩ | ૬૬ કેવી પ્રતાપનગર | ૬૬ કેવી માંડવી જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૪ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી ડુમખલ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૫ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી ગોરા જેજીવાય | રાજપીપાલા-૧ | ૭૫૬૭૭૮૦૩૭૪ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૬ | ૬૬ કેવી પ્રતાપનગર | ૧૧ કેવી ટીંબી જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૭ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી આંબાવાડી જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૮ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી કાકરપાડા એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૯ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ખોપી જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૦ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ટેલીઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૧ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી વજેરીયા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૨ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી સાહેબપૂરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૩ | ૬૬ કેવી વણાકપોર | ૧૧ કેવી પીપાદરા જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૪ | ૬૬ કેવી ઉમરાણ | ૧૧ કેવી મોસ્કુટ જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૫ | ૬૬ કેવી ઉમરાણ | ૧૧ કેવી વાડવા એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૬ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી રોઝદેવ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૭ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી નાના કાકડીઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૮ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી બુંજેઠા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૯ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી ટાંકા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૦ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી સાહેબપૂરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૧ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી પંચવટી અર્બન | રાજપીપાલા-૧ | ૭૫૬૭૭૮૦૩૭૪ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૨ | ૬૬ કેવી ભચરવાડા | ૧૧ કેવી ઘાંટા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૩ | ૬૬ કેવી ભચરવાડા | ૧૧ કેવી તરોપા એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૪ | ૬૬ કેવી ભચરવાડા | ૧૧ કેવી વરખડ એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૫ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી સામોટ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૬ | ૬૬ કેવી પાણેથા | ૧૧ કેવી મોટા વાસણા જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૭ | ૬૬ કેવી ખેડીપાડા | ૧૧ કેવી રોઝઘાટ જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૮ | ૬૬ કેવી ખેડીપાડા | ૧૧ કેવી ઝાંક એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૯ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી અલવા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૦ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી ગંભીરપુરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૧ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી જી.ડબલ્યુ. એસ.એસ.બી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૨ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી ગોરા જેજીવાય | રાજપીપાલા-૧ | ૭૫૬૭૭૮૦૩૭૪ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૩ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી પોઈચા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૪ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી રસેલા એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૫ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ગંગાપુર જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૬ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી જરગામ એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૭ | ૬૬ કેવી ખેડીપાડા | ૧૧ કેવી બોરીપીઠા જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૮ | ૬૬ કેવી ખેડીપાડા | ૧૧ કેવી રૂખલ એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૯ | ૬૬ કેવી સોઈકૂવા | ૧૧ કેવી અગર જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬૦ | ૬૬ કેવી સોઈકૂવા | ૧૧ કેવી ખાટા આશીત્રા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬૧ | ૬૬ કેવી નેત્રંગ | ૧૧ કેવી અશનાવી જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬૨ | ૬૬ કેવી ઓરી | ૧૧ કેવી પાટણા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬૩ | ૬૬ કેવી ઓરી | ૧૧ કેવી નવાપરા એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬૪ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી કોલેજ અર્બન | રાજપીપાલા-૧ | ૭૫૬૭૭૮૦૩૭૪ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬૫ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી તિલકવાડા ટાઉન | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૭.૦૬.૨૦૨૬ (રવિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |

નોંધ: કામ પૂર્ણ થયા પછી કે પહેલા, વધુ કોઈ પણ જાતની નોટીસ કે જાણ કાર્ય સિવાય વીજપુરવઠોચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધલેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.),દ.ગુ.વી.કં.લિ, વિભાગીય કચેરી,રાજપીપળા

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચોઅને વીજ અકસ્માતો ટાળો


### યુવા સાંસદ ડૉ. હેમાંગ જોશીની નવતર પહેલ

# જનસેવા અટલ કાર્યાલયમાં દર મહિને યોજાશે બે દિવસીય મેગા કેમ્પ



(પ્રતિનિધિ), વડોદરા. તા.30

વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોશીના પ્રયાસોથી કલેક્ટર કચેરી સ્થિત ‘જન સેવા અટલ કાર્યાલય’ ખાતે નાગરિકોને સરકારી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા દર મહિને બે દિવસ વિશેષ મેગા કેમ્પ યોજાશે. ઉપરાંત દર ગુરુવારે પણ કેમ્પ યોજી અરજદારોના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવશે.

આ કેમ્પનો મુખ્ય હેતુ સામાન્ય અને વરિષ્ઠ નાગરિકોને એક જ સ્થળે વિવિધ સરકારી સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો છે. કેમ્પમાં આયુષ્માન કાર્ડ, 70 વર્ષથી વધુ વયના નાગરિકો માટે વય વંદના કાર્ડ તેમજ વિદ્યાર્થીઓ અને લાભાર્થીઓ માટે આવકના પ્રમાણપત્ર સહિતના દસ્તાવેજો સરળતાથી આપવામાં આવશે.

સાંસદ ડૉ. હેમાંગ જોશીએ નાગરિકોને જરૂરી આધાર-પુરાવા સાથે કેમ્પનો લાભ લેવા અપીલ કરી છે. આ આયોજનથી સ્થાનિકોમાં ઉત્સાહ અને રાહતની લાગણી જોવા મળી રહી છે.


દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
ભરૂચ શહેર વિભાગીય કચેરી,
જીલ્લા પંચાયતની પાછળ, પાંચબત્તી, ભરૂચ,
ડી.જી.વી.સી.એલ. ટોલ ફ્રી નં.૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વિજપુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને તથા જાહેર જનતાને જણાવવાનું કે નીચે દર્શાવેલ ફીડરોમાં જેટકો અને ડી.જી.વી.સી.એલ. દ્વારા અગત્યના સમારકામની કામગીરી કરવાની હોવાથી તેના પરથી વિજ પુરવઠો મેળવતા વિજ ગ્રાહકો ને તેની સામે દર્શાવેલ તારીખે અને સમયે વિજ પુરવઠો મળી શકશે નહિ. કામ પૂરું થયેથી બીજી કોઈ પણ જાતની જાણ કર્યા સિવાય વિજ પુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન (ફોલ્ટ સેન્ટર) | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|
| ૨ | ૬૬ કે.વી. પાલેજ એસ.એસ. | ૬૬ કે.વી. પાલેજ એસ.એસ. માંથી નિકળતા -૧૧ કેવી પાલેજ જી.આઇ.ડી.સી.-૧, ૧૧ કેવી પાલેજ ટાઉન-અર્બન, ૧૧ કેવી સુયોગ- જી.આઈ.ડી.સી., ૧૧ કેવી સંતો- જી.આઈ.ડી.સી., ૧૧ કેવી એમકોર-એક્ષપ્રેસ, ૧૧ કેવી એટલાસ -એક્ષપ્રેસ, ૧૧ કેવી સાંસરોદ -જે.જી.વાય., ૧૧ કેવી વતારસા--જે.જી.વાય., ૧૧ કેવી હિંગલ્લા- જે.જી.વાય., ૧૧ કેવી કારેલા-જે.જી.વાય., ૧૧ કેવી કુરચન- એ.જી., ૧૧ કેવી વલણ-એ.જી., ૧૧ કેવી કેસિનાદ-એ.જી., ૧૧ કેવી ઝંગાર-એ.જી., ૧૧ કેવી ત્રાલસા-એ.જી., ૧૧ કેવી સારીંગ-એ.જી. ફીડરો (વિજ પુરવઠો પુરો પાડવામાં આવતા તમામ વિસ્તારો) | પાલેજ પે.વી.ક. (૮૯૮૦૦૨૭૮૬૩) | ૦૧.૦૬.૨૬ સોમવાર | ૦૬.૦૦ થી ૧૨.૦૦ કલાક |

કાર્યપાલક ઇજનેર (સં.નિ.), ભરૂચ શહેર વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લી.

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વિજ અકસ્માત ટાળો.


# ભારતમાં ઈવી ચાર્જિંગ નેટવર્કના વિસ્તરણ માટે વ્યૂહાત્મક ભાગીદારી

**સમર્પિત** કો-બ્રાન્ડેડ ચાર્જિંગ સ્ટેશનોનું નિર્માણ શરૂ

**પ્રથમ** તબક્કામાં 15 સ્ટેશન કાર્યરત, આગામી છ મહિનામાં 100 નવા સ્ટેશનનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

ભારતમાં ઈલેક્ટ્રિક વાહન (EV) ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા માટે વી-ગ્રીન અને ચાર્જઝોન વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી જાહેર કરવામાં આવી છે. આ સહયોગ અંતર્ગત દેશભરમાં વિનફાસ્ટના ગ્રાહકો માટે સમર્પિત ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ચાર્જિંગ સપોર્ટ નેટવર્ક વિકસાવવામાં આવશે.

આ ભાગીદારી હેઠળ બંને કંપનીઓ સંયુક્ત રીતે ચાર્જિંગ સ્ટેશન માટે સ્થળ પસંદગી અને વિકાસનું આયોજન કરશે. ચાર્જઝોન તમામ કો-બ્રાન્ડેડ ચાર્જિંગ સ્ટેશનોના સંચાલનની જવાબદારી સંભાળશે. વડોદરાના મંગળા ટ્રેડ હબ ખાતે પ્રથમ સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યું છે, જ્યાં 60 કિલોવોટ ક્ષમતાવાળો ડીસી ફાસ્ટ ચાર્જર સ્થાપિત કરવામાં આવ્યો છે.

કંપનીઓના જણાવ્યા મુજબ પ્રથમ તબક્કામાં 15 ચાર્જિંગ સ્ટેશનો કાર્યરત થઈ ચૂક્યા છે. આગામી છ મહિનામાં દેશના વિવિધ મુખ્ય શહેરો અને હાઈવે રૂટ્સ પર આશરે 100 નવા કો-બ્રાન્ડેડ ચાર્જિંગ સ્ટેશનો શરૂ કરવાની યોજના છે.

ઉદ્યોગ નિષ્ણાતોના મતે, ઈવી અપનાવવાની ગતિ વધારવા માટે વિશ્વસનીય અને સુલભ ચાર્જિંગ સુવિધાઓનું વિસ્તરણ અત્યંત મહત્વપૂર્ણ છે અને આવી ભાગીદારીઓ ભારતના ઈલેક્ટ્રિક મોબિલિટી ક્ષેત્રને નવી દિશા આપી શકે છે.


દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.
CIN:U40102GJ2003SGC042909
ગ્રામ્ય વિભાગીય કચેરી,
અંકલેશ્વર ઓ.એન.જી.સી. વર્કશોપ સામે,સં.નિ.
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પુરવઠો બંધ રહેવાની જાહેરાત

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ સબ સ્ટેશનના સદર ફીડર પર જેટકો ઓફીસ દ્વારા તથા દ.ગુ.વી.જ.કં.લી દ્વારા લાઈન સમારકામની કામગીરી હોવાથી નીચે જણાવેલ સમયે દર્શાવેલ ફીડર પરથી વીજપુરવઠો મળી શકશે નહીં.

| ક્રમ | સબ સ્ટેશન | ફીડર | સબ-ડીવિઝન | ફોલ્ટ સેંટર નં | તારીખ-વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| 1 | ૬૬ કે.વી કોસંબા | ૨૨ કેવી ખરોદ કોસમડી | અંકલેશ્વર ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૯૧૨ | ૦૧-૦૬-૨૦૨૬ સોમવાર | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| 2 | ૬૬ કે.વી અર્બન | ૨૨ કેવી અશોક ઓર્ગેનિક | અંકલેશ્વર ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૯૧૨ | ૦૪-૦૬-૨૦૨૬ ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| 3 | ૬૬ કે.વી પારડી ઈર્ડીસ | ૧૧ કે.વી હઝત જે.જી.વાય | અંકલેશ્વર ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૯૧૨ | ૦૬-૦૬-૨૦૨૬ શનિવાર | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| 4 | ૬૬ કે.વી સામોર | તમામ ૧૧ કેવી ફીડરો | વાલિયા & ગડખોલ | ૮૯૮૦૮૦૩૯૧૩ & ૦૨૬૪૬-૨૩૪૪૦૦ | ૦૧-૦૬-૨૦૨૬ સોમવાર | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| 5 | ૧૩૨ કે.વી વાલિયા | તમામ ૧૧ કેવી ફીડરો | વાલિયા | ૮૯૮૦૮૦૩૯૧૩ | ૦૨.૦૬.૨૦૨૬ મંગળવાર | ૦૭.૦૦ થી ૧૪.૦૦ |
| 6 | ૬૬ કે.વી ધરોલી | તમામ ૧૧ કેવી ફીડરો | ઝગડિયા | ૮૯૮૦૮૦૩૯૧૫ | ૦૨.૦૬.૨૦૨૬ મંગળવાર | ૦૭.૦૦ થી ૧૪.૦૦ |

કામ પૂર્ણ થયા પછી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

કાર્યપાલક ઇજનેર(સં.નિ.),ગ્રામ્ય વિભાગીય કચેરી,અંકલેશ્વર

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.